## ડાયરેક્ટ ❤ સે

દુખને
તમારો ગુરુ માની લો
પછી
સુખ
તમારી પાસે
ભણવા આવશે

## જન્મદિને વધામણી



ઝંખના મેહુલ શાહ
મો. ૯૪૨૭૭ ૧૩૪૨૨



ઝંખના મેહુલ શાહ
મો. ૯૪૨૭૭ ૧૩૪૨૨



ઝંખના મેહુલ શાહ
મો. ૯૪૨૭૭ ૧૩૪૨૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસ જી - એસ વી સ્કૂલના વિદ્યાર્થીઓ ડાયનાસોર પાર્ક-મ્યુઝિકમની મુલાકાતે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસજી અને એસવી પ્રાથમિક શાળાના ધોરણ-૨ના સઘળા વર્ગોના વિદ્યાર્થીઓ અને એસવી પ્રાથમિક શાળાના સઘળા વર્ગોના વિદ્યાર્થીઓ મળીને કુલ ૪૧૦ બાળકોએ ગાંધીનગરમાં ઈન્દ્રોડા પાર્ક સ્થિત ડાયનાસોર પાર્ક અને મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. ડાયનાસોરના અવશેષો નિહાળી બાળકોએ વિવિધ ડાયનાસોર વિશે વિગતે માહિતી પણ પ્રાપ્ત કરી હતી. બાળકો સાથે શિક્ષકો પણ આ મુલાકાતમાં ઉપસ્થિત રહ્યા હતા.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક પ્રાથમિક શાળામાં

# શિયાળુ રમતોત્સવ અને બાલ મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

અભ્યાસની સાથે સાથે બાળકો ખેલદિલી દાખવે અને અન્ય સહ અભ્યાસની પ્રવૃત્તિઓમાં રસ દાખવે તથા તેમનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક પ્રાથમિક શાળામાં સંસ્થાના આદ્યસ્થાપક શ્રી પુરુષોત્તમદાસ આર પટેલ (પૂ. દાસકાકા)ની સ્મૃતિમાં શિયાળુ રમતોત્સવ અને બાલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંઈ ઈન્ટરનેશનલ હૅન્ડબૉલના કોચ શશીમોહન ધુમલે ઉપસ્થિત રહી પૂ. દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી જ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો.

બે દિવસના આ રમતોત્સવમાં વિદ્યાર્થીઓએ ભણતરનો ભાર ભૂલી મુક્ત મને પોતાનાં ખેલ-કલા કૌશલ્યોનું પ્રદર્શન કર્યું હતું. દોડ, જંપદોડ, સ્લો સાયકલ, ગોળાફેંક, સંગીતખુરશી, ઝેરી ઢીંગલી, માટલા ફોડ, બૂક બેલેન્સ વગેરે સ્પર્ધાઓ તથા યુવક મહોત્સવની રંગોળી, વક્તૃત્વ, ચિત્ર સ્પર્ધા, ગીત, એકપાત્રીય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરે સ્પર્ધાઓમાં લગભગ ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

સાથે-સાથે શાળાના શિક્ષકોએ પણ ગોળાફેંક, સાતોલિયું, સંગીત ખુરશી તથા દોરડાકૂદ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આ સફળ આયોજન બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સુનોક અને ખારી ગામમાં ૧૧૫ જેટલા નિરાધાર વૃધ્ધ વડીલોને ૩ કિગ્રા ચોખાની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



સુનોક ગામે ૪ ગામોનાં ૬૦ વૃધ્ધાઓ અને ખારીમાં ૫ ગામોનાં ૫૫ નિરાધારોએ આ સેવાકાર્યનો લાભ લીધો હતો. સંસ્થાને 'શિવમ્' તરફથી આ સેવાકાર્ય માટે સૌજન્ય પ્રાપ્ત થઈ રહ્યું છે.

## 'એસ્ટ્રોનોમી, એસ્ટ્રોલોજી અને જૈન કોસ્મોલોજી' અંગે અમદાવાદમાં ૨૧મીથી સેમિનાર

ગાંધીનગર, તા. ૧૧

અમદાવાદ શહેરમાં તા. ૨૧થી ૨૩ ડિસેમ્બર સુધી 'એસ્ટ્રોનોમી, એસ્ટ્રોલોજી અને જૈન કોસ્મોલોજી' અંગે સેમિનારનું આયોજન કરાયું છે. સવારે ૯થી બપોરે ૧૨ દરમિયાન આ સેમિનાર લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી, અમદાવાદ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાઈન્ટિફિક સિક્રેટ્સ ફ્રોમ ઈન્ડિયન ઓરિએન્ટલ સ્ક્રિપ્ચર્સ, અમદાવાદ-મુંબઈના સંયુક્ત ઉપક્રમે થશે.

એલ. ડી. ઈન્ડોલોજીના ડાયરેક્ટર જિતેન્દ્ર બી. શાહે જણાવ્યું કે ખગોળશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને જૈન સૃષ્ટિશાસ્ત્ર અંગે એક વિદ્વત્તાપૂર્ણ ચર્ચાનું આ સેમિનાર દરમિયાન આયોજન કરાયું છે. ભારતના નામાંકિત વૈજ્ઞાનિકો સુરેન્દ્ર પોખરણા, આર.સી.ગર્ગ, જે.એન.દેસાઈ, રાજમલ જૈન ઉપરાંત જ્યોતિષ શાસ્ત્રના વિદ્વાનોમાં રઘુનાથભાઈ દવે, જીવરાજ જૈન તથા તન્મય વ્યાસ ઉપસ્થિત રહેશે. જેઓ પોતાના અભ્યાસ-સંશોધનની જાણકારી રજૂ કરશે. ખાસ કરીને જાણીતા જૈન વિજ્ઞાની અને જૈનાચાર્ય વિજય નંદિઘોષ સૂરીશ્વરજી મ.સા. પોતાના વિચારો રજૂ કરશે અને માહિતી આપશે. ઉપરપાંત ખ્યાત વૈજ્ઞાનિકો દ્વારા પોતાના અદ્યતન સંશોધનો પણ રજૂ કરવામાં આવશે.

# અમદાવાદમાં બ્રેસ્ટ કેન્સર અવેરનેસ વોકેથોન એન્ડ સાઈકલોથોન યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

જે રીતે પુરૂષોમાં સૌથી વધુ મોઢાના કેન્સરના દર્દીઓ જોવા મળે છે તેમ સ્ત્રીઓમાં સ્તન કેન્સર સૌથી મોખરે છે. સ્તન કેન્સરનું વહેલું નિદાન થાય તો ૧૦૦ ટકા ક્યોર થઈ શકે છે. આ મેસેજ સાથે રવિવારે અમદાવાદમાં સવારે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ વોકેથોન એન્ડ સાઈકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. સામવેદ હોસ્પિટલ દ્વારા આયોજિત આ અવેરનેસ પ્રોગ્રામમાં ૧૦૦૦થી વધુ પુરુષ-સ્ત્રીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે સામવેદ હોસ્પિટલના ડૉ. શૈફાલી દેસાઈએ કહ્યુ કે, ભારતમાં સ્ત્રીઓની અંદર જે રીતે સ્તન કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે તે ચિંતાજનક બાબત છે. ખાસ કરીને યુવાવસ્થામાં તરૂણીઓમાં સ્તન કેન્સર માટેની જાગૃતિ આવે તે જરૂરી છે. વોકેથોનની અંદર સેવા સંસ્થાના મિરાય ચેટર્જી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. વોકેથોન માટે સામવેદ હોસ્પિટલથી સ્ટેડિયમ સર્કલ, નવરંગ ચાર રસ્તા, દર્પણ છ રસ્તા, વિજય ચાર રસ્તા, કોમર્સ સર્કલ થઈ સામવેદ હોસ્પિટલ સુધીનો રૂટ નક્કી કરવામાં આવ્યો હતો.

# સમરાગા ક્લાસિકલ મ્યુઝિક ફેસ્ટિવલે કલાભાવકોને રસતરબોળ કરી દીધા

ગાંધીનગર, તા. ૧૧

સમરાગા ક્લાસિકલ મ્યુઝિક ફેસ્ટિવલે અમદાવાદીઓના વીકેન્ડને શાસ્ત્રીય સંગીતથી રસતરબોળ કરી દીધું. પ્રથમ દિવસના નિલાદ્રી કુમારના સિતાર વાદન અને રાકેશ ચૌરસિયાના બાંસુરીવાદનને માણ્યા બાદ રવિવારની સાંજે કૌશિકી ચક્રવર્તીનું શાસ્ત્રીય ગાયન અને ઉસ્તાદ તૌફીક કુરેશીનું તાલવાદન રજૂ થયું.

કૌશિકી ચક્રવર્તીએ રાગ મારુ બિહારમાં શરૂઆત કર્યા બાદ શ્રોતાઓની ફરમાઈશ પર હંસધ્વનિની જાણીતી ચીજ 'લાગી લગન' તેમજ લોકપ્રિય ઠુમરી 'યાદ પિયા કી આયે' રજૂ કર્યા. આ દરેક રજૂઆતે શ્રોતાઓની ભરપૂર દાદ મેળવી. જ્યારે યાદ પિયા કીમાં હંમેશની જેમ કૌશિકીની ગાયકી ઓર નિખરીને રજૂ થઈ હતી. કૌશિકી ચક્રવર્તી સાથે તબલા પર ઓજસ અઢિયા અને હાર્મોનિયમ પર તન્મય દેવચાકેએ સંગત કરી હતી. બીજા દિવસના બીજા ચરણમાં ઉસ્તાદ તૌફીક કુરેશીનું તાલવાદન રજૂ થયું હતું, જેમાં પતરી સતીષકુમારે મૃદંગમ પર અને પંડિત યોગેશ સમસીએ તબલા પર જુગલબંદી કરી તેમજ તન્મય દેવચાકે એ હાર્મોનિયમ પર સંગત કરી હતી.

### ધી સોસાયટી ફોર વેલફેર ઓફ મૅન્ટલી રિટાયર્ડ ચિલ્ડ્રન, દીવના ઉપક્રમે

# રાષ્ટ્રીય મનોદિવ્યાંગ દિવસની ઉજવણી કરાઈ






## ગાંધીનગરના ભાનુપ્રસાદ ચૌહાણ અને જિજ્ઞેશ રાવલ પણ ઉજવણીમાં સામેલ

ગાંધીનગર, તા. ૧૧

ધી સોસાયટી ફોર વેલફેર ઓફ મૅન્ટલી રિટાયર્ડ ચિલ્ડ્રન, દીવના ઉપક્રમે રાષ્ટ્રીય મનોદિવ્યાંગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

ઉજવણી અંતર્ગત સવારે ૯ કલાકે બંદરચોકથી રેલીને ડેપ્યુટી કલેક્ટર ડૉ. અપૂર્વ શર્માએ લીલી ઝંડી આપી રવાના કર્યા બાદ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરીને વાત્સલ્ય ગ્રાઉન્ડ પહોંચી હતી. રેલીમાં મનોદિવ્યાંગ બાળકો ઉપરાંત તેમના વાલીઓ, અધિકારીઓ, સંસ્થાના હોદ્દેદારો અને સમાજસંવેદી નાગરિકો પણ જોડાયા હતા.

વાત્સલ્ય સંસ્થાના ગ્રાઉન્ડમાં પ્રથમ વાલી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપાલિટીના પ્રમુખ હિતેશ સોલંકી, પ્રયાસ પેરેન્ટ્સ એસો., રાજકોટનાં પૂજાબેન પટેલ, સાધના પેરેન્ટ્સ એસોસિએશન, ગાંધીનગરના જિજ્ઞેશ રાવલ અને ભાનુપ્રસાદ ચૌહાણ દ્વારા મનોદિવ્યાંગ બાળકોની વિશેષતા અને તેમની તાલીમ અંગે વિશદ માહિતી આપવામાં આવી હતી. વાલીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ આ અનુભવી નિષ્ણાતો દ્વારા પાઠવવામાં આવ્યા હતા.

# રોજ સમયનો એકાદ નાનકડો ખૂણો સપના જોવા માટે અનામત રાખવો જોઈએ





અમેરિકાની સ્વીમીંગ ટીમમાં દારા ટોરેસને છેક ૪૧ વર્ષની ઉંમરે સ્થાન મળ્યું. સ્વીમીંગ વર્લ્ડ ચેમ્પિયન દારા ટોરેસે મનમાં ગાંઠ વાળી હતી કે, 'મારે દુનિયાને બતાવી આપવું છે કે હું વર્લ્ડ ચેમ્પિયન બની શકું છું. ' દારા કહેતી કે, ' સપના જોવા માટે કોઈ ઉમરની મર્યાદા હોતી નથી. ' ઓલિમ્પિક્સની દુનિયામાં દારા ટોરેસનું નામ આદરપૂર્વક લેવાય છે. ૧૯૬૭માં લોસ એન્જેલેસમાં જન્મેલી આ છોકરી વેસ્ટલેક સ્કૂલ ફોર ગર્લ્સ કે જે અત્યારે હાર્વર્ડ વેસ્ટલેક સ્કૂલ તરીકે ઓળખાય છે, એમાં ભણી છે. શાળા જીવનથી જ દારા તેના ભાઈ સાથે સ્વીમીંગ કરતી. દારાના પીતાજી અમેરિકામાં રીયલ એસ્ટેટ ડેવેલપર્સનો વ્યવસાય કરતાં. તેની માતા મારીલુ અમેરિકાની મોડલિંગની દુનિયાનો જાણીતો ચહેરો.

વેસ્ટલેક સ્કૂલની બાસ્કેટ બોલ, જીમ્નેસ્ટિક અને વોલીબોલની ટીમમાં દારા રમી ચૂકી છે. ઓલિમ્પિકના ૪ ગોલ્ડ મેટલ, ૪ સિલ્વર મેડલ અને ૪ બ્રોન્ઝ મેડલ મળીને જે છોકરીનું ગળું ૧૨-૧૨ ઓલિમ્પિક મેડલથી શોભે છે એવી દારા ટોરેસને કોઈએ એના અનુભવ વિશે પૂછ્યું તો એણે હસતાં હસતાં ખૂબ સાહજિકતાથી કહ્યું કે, 'પાણીને તમારી ઉંમર કેટલી છે એની સાથે ક્યાં લેવા દેવા હોય છે.'

'એઈઝ ઈઝ જસ્ટ અ નંબર ' પુસ્તકમાં દારા ટોરેસે એના જીવનના અનુભવો વર્ણવ્યા છે. જીવનમાં ઉતારવા જેવા દારા ટોરેસની અનુભવ વાણી આ પુસ્તકમાં વર્ણવાઈ છે. કેટલી અદભૂત વાત પુસ્તકના નામમા જ છે, 'ઉમર એ તો એક આંકડો માત્ર છે'. આ આત્મકથાત્મક પુસ્તકમાં આશાઓનું એક રંગીન આકાશ છે. સપનાઓથી ભરેલા ગગનમાં વિહરવાનો આ પુસ્તક આનંદ કરાવે છે.

થોડા દિવસ પહેલાં જ એક મિત્રએ ત્રણ શબ્દનો એક સુંદર મેસેજ મોકલ્યો. સવારનો સમય હતો. ખુશનુમા વાતાવરણમાં મોબાઈલમાં આ ત્રણ શબ્દનો મેસેજ વાંચતા જ મોજ આવી ગઈ. મેસેજ હતો 'Dream the impossible` અર્થાત અસંભવ લાગતા સપનાઓ જુઓ. આ મઝાનો મેસેજ વાંચીને માનસ પટ ઉપર ધનાધન વિચારોની હારમાળા સર્જાતી ગઈ.






કોઈપણ સપનું શરૂઆતમાં અશક્ય જ લાગે. જેમ જેમ સમય પસાર થાય એમ ધીમે ધીમે એ સોણલુ અસંભવ લાગવા લાગે. પરંતુ એ સપનામાં જ્યારે દ્રઢ ઈચ્છાઓ ભળે ત્યારે એ સપનું મટીને જીવનનું અનિવાર્ય અંગ બની જતું હોય છે. એક ચિંતકે તો ત્યાં સુધી કહ્યું છે કે, વાસ્તવિકતા આડંબરથી લબાલબ હોય છે જ્યારે સપનાઓ સાચા હોય છે.

એક નાનકડી દીકરીનો અકસ્માતમાં પગ કપાઈ ગયો છે. આખું કુટુંબ વિલાપમા ડુબી ગયું છે. બધા એવું વિચારવા લાગ્યા કે, આ હોનહાર દીકરીનું ભવિષ્ય રોળાઈ ગયું. ૧૨-૧૩ વર્ષની આ દીકરીના મનમાં કંઈક જુદી જ વાત આકાર લેતી હતી. ભારત નાટ્યમમાં શ્રેષ્ઠ ડાન્સર બનવાનું તેનું સપનું આ કુદરતી થાપટે થોડુંક ડગમગાવ્યું જરૂર પણ લક્ષ્ય સુધી પહોંચતા એને અટકાવી ના શક્યું. આ દીકરીને 'આર્ટીફિશ્યલ લેગ' ફીટ કરવામાં આવ્યો. દિવસ રાત મહેનત કરીને એણે ભારત નાટ્યમની પ્રેક્ટિસ ચાલુ રાખી. એણે ભારત નાટ્યમમાં ખૂબ નામના મેળવી. દેશ વિદેશમાં એના ભારતનાટ્યમના શો ખૂબ વખણાવા લાગ્યા. તેણે સેવેલા સ્વપ્ન મુજબ ભારત નાટ્યમમાં એણે ડંકો વગાડ્યો. દુનિયાને ખબર જ ન પડી કે, આટલું અદભુત ભારત નાટ્યમ કરતી આ છોકરીને એક પગ નથી. ખરેખર તો ભવિષ્ય એનું જ હોય છે જે સ્વપ્નાઓની સુંદરતાને દ્રઢ ઈચ્છાશક્તિથી સજાવતાં હોય છે.

દરેક વ્યક્તિએ રોજ સમયનો એકાદ નાનકડો ખૂણો સપના જોવા માટે અનામત રાખવો જોઈએ. સપના જોઈને એને પંપાળવા જોઈએ. એને જતનપૂર્વક ઉછેરવા જોઈએ. અને વિકસાવવા જોઈએ. લાઓત્સેનું જાણીતું ચિંતન છે કે, હજારો માઈલોની સફર એક પગલાંથી શરૂ થાય છે. આ પહેલું પગલું એટલે એકાંતમાં સેવેલું અસંભવ લાગતુ સપનું.

સપના જોવાની મજા છે. જોએલા સ્વપ્નાની દિશામાં હિંમતપૂર્વક ચાલવાની પણ મજા છે. જે ધાર્યું હોય, વિચાર્યું હોય, એ રાહ પર ચાલીને જિંદગીનો આનંદ માણવાનો હોય. સપના ન જોવાની ક્રૂરતા માણસે પોતાની સાથે ન કરવી જોઈએ. ખૂબ સપના જોવા જોઈએ અને અશક્ય લાગતાં સપના તો ખાસ જોવા જોઈએ. મોટા મોટા સપનાઓની શરૂઆત નાની નાની વાતોથી થતી હોય છે. સપનાઓ જોવાની કોઈ લિમિટ ન હોય. સપના જોવાની કોઈ ઉંમર ન હોય. જે સપનુ ડરાવતાં નથી તો સમજી લેવાનું કે એ સપનાની સાઈઝ મોટી નથી.

સપના જોવાની વાત આવે એટલે બે વ્યક્તિત્વ અવશ્ય યાદ આવે, એક અમેરિકાના વોલ્ટ ડીઝની અને બીજા ભારતના ધીરૂભાઈ અંબાણી. વર્લ્ડ એનિમેશન ઈન્ડસ્ટ્રીના પ્રણેતા વોલ્ટ ડિઝની કહેતા કે, 'સપના સિદ્ધ કરવાની ધૂન હોય તો સપના સાચા પડ્યા વગર રહેતા નથી.' કોર્પોરેટ વર્લ્ડની વ્યાખ્યા બદલી નાખનાર હિન્દુસ્તાનના ધીરૂભાઈ અંબાણી કહેતા કે, 'જે વ્યક્તિ મોટા સપના જોવાની હિંમત કરે છે એના માટે દુનિયા જીતવી આસાન છે.' જીવનમાં બે દિવસ સૌથી મહત્વના હોય છે. પહેલો દિવસ એ કે જે દિવસે આપણો જન્મ થયો હોય અને બીજો દિવસ કે જે દિવસે સમજ પડે જન્મ શા માટે થયો છે. જોયેલા સપના સાચા કરવા મારે શું કરવાનું છે એની સમજ પડે એ દિવસ ઉત્સવ મનાવવાનો દિવસ કહેવાય. સપના જ જીવનમાં મીઠાશ ઘોળીને આપે છે.સપના સત્ય છે. સપના છે તો જીવનમાં સુવાસ છે.

### ધબકાર

સપના ઈશ્વરે ઘડેલા આપણા કિરદારના સોનાને ચકાસવા માટેનો કસોટી પથ્થર (ટચસ્ટોન) છે.

- હેનરી ડેવિડ થોરો